The Rajkot Commercial Co. Operative Bank Ltd

# ગ્રાહક જોગ

## ટર્મ લોન / ધિરાણ સવલત મેળવનાર ગ્રાહક જોગ ખાસ નોંધ

મુદતી/ટર્મ લોનના કિસ્સામાં માસીક હપ્તો વખતો–વખત વ્યાજનો દર અને મુદત ધ્યાને લઈ હપ્તાની રકમ મુકરર કરવામાં આવે છે. મુકરર થયેલ હપ્તાની રકમ કરજલેનારે નિયમિત ભરપાઈ કરવાની રહે છે. ભરેલ હપ્તાની રકમમાંથી પ્રથમ વ્યાજ વસુલ કરવામાં આવે છે. હપ્તા ભરવામાં કસુર થયે વ્યાજની રકમ દર માસે ધીરાણ ખાતાની મુદલમાં ઉમેરવામાં આવે છે અને મુદલનો ભાગ ગણવામાં આવે છે તથા કરજે લીધેલા નાણાના કરાર મુજબના મુળ વ્યાજના દર ઉપરાંત ૫% ના વાર્ષિક દરે દંડનીય/શીક્ષા વ્યાજ માસીક ધોરણે ઉધારવામાં આવે છે. હપ્તાની શરૂઆત મોડામા મોડી લોન લીધા તારીખથી ૩૦/૩૧ માં દિવસથી એટલે કે એક માસ પછીના તરતના દિવસેથી ગણવામાં આવે છે. આથી લોનની રકમની પરત ચૂકવણીની નિયત તારીખો, સમયગાળો, મુદલ અને વ્યાજનુ વિભાજન અને નિયમીત ભરપાઈ થયે બાકી રકમ દર્શાવતુ લોન રી–પેમેન્ટ આપવામાં આવે છે. ખાતુ અનિયમીત થયે બેંક પાસેથી કરજદારે રીવાઈઝડ રી–પેમેન્ટ શેડયુલ મેળવવાના રહે છે. રી–પેમેન્ટ શેડયુલ બેંકની વેબસાઈટ ઉપર ઈ.એમ.આઈ. કેલ્કયુલેટર થી ચકાસી શકાશે.

દા.ત. લોન લીધા તા.૨૮–૦૨–૨૦૨૧, હપ્તાની ડયુ ડેઈટ તારીખ તા.૩૧–૦૩–૨૦૨૧

જો ખાતામાં હપ્તો ન ભરપાઈ કરવામાં આવે તો ખાતુ નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| તા. ૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૦–૦૪–૨૦૨૧ | (૦ – ૩૦ દિવસ સુધી) | સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ – ૦ |
| તા. ૦૧–૦૫–૨૦૨૧ થી તા.૩૦–૦૫–૨૦૨૧ | (૩૧ દિવસ થી વધુ અને ૬૦ દિવસ સુધી) | સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ – ૧ |
| તા. ૩૧–૦૫–૨૦૨૧ થી તા.૨૯–૦૬–૨૦૨૧ | (૬૧ દિવસ થી વધુ અને ૯૦ દિવસ સુધી) | સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ – ૨ |
| તા. ૨૯–૦૬–૨૦૨૧ | (૯૦ દિવસ થી ) | નોન પર્ફોમીંગ એસેટ |

જયારે કેશ–ક્રેડીટ/સિકયોર્ડ ઓવરડ્રાફટના ખાતામાં ગત્ માસના અંતે ઉધારેલ વ્યાજની રકમ ચાલુ માસની ૧ થી ૧૦ તારીખમાં ભરવી ફરજીયાત છે. સદર ખાતામાં મંજુર થયેલ લીમીટ/ડ્રોઈંગ પાવર થી બાકી રકમ સતત ૯૦–દિવસ સુધી વધુ હશે અને/અથવા ખાતુ નિયત કરેલ લીમીટ/ડ્રોઈંગ પાવરની મર્યાદામાં હોય તો પણ ઉધારેલ વ્યાજ ક્રેડીટ/જમા કરાવવુ ફરજીયાત છે. ૯૦–દિવસ સુધી આવા વ્યાજની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો ખાતુ અનિયમીત ગણી આઉટ ઓફ ઓર્ડર કરી એન.પી.એ. તરીકે વર્ગીકૃત કરવા આવે છે. આવા ખાતામાં બેંક શિક્ષા વ્યાજ અને ખર્ચ ઉધારી શકશે.

દા.ત. : ધિરાણ લીધા તા.૨૮–૦૨–૨૦૨૧, ઉપાડની તારીખ તા.૩૧–૦૩–૨૦૨૧

જો ખાતામાં ઉધારેલ વ્યાજ ન ભરપાઈ કરવામાં આવે તો અથવા ખાતાની બાકી રકમ મંજુર થયેલ લીમીટ/ડ્રોઈંગ પાવર થી સતત વધારે રહે તો ખાતુ નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| તા. ૦૧–૦૫–૨૦૨૧ થી તા.૩૦–૦૫–૨૦૨૧ | (૩૧ દિવસ થી વધુ અને ૬૦ દિવસ સુધી) | સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ – ૧ |
| તા. ૩૧–૦૫–૨૦૨૧ થી તા.૨૯–૦૬–૨૦૨૧ | (૬૧ દિવસ થી વધુ અને ૯૦ દિવસ સુધી) | સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ – ૨ |
| તા. ૨૯–૦૬–૨૦૨૧ | (૯૦ દિવસ થી ) | નોન પર્ફોમીંગ એસેટ |